અનુસંધાન... પાના પહેલાનું

CECનાં રાજીનામાની...

જેટલા લોકોની અટકાયત કરી હતી. કોંગ્રેસે રાહુલ ગાંધીને શાંતિપૂર્ણ ધરણાં પરથી ઢસડીને લઈ જવાની ઘટનાને શાસનની વિદાય નજીક હોવાની નિશાની ગણાવી હતી. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે વડાપ્રધાન અને ગૃહમંત્રીના વ્યવહારમાં સ્પષ્ટ ગભરાટ દેખાઈ રહ્યો છે.

ચૂંટણી પંચ પર વિપક્ષના આક્ષેપો

આ કૂચ 25 સપ્ટેમ્બરે ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ બાદ શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોની શ્રેણીનો ભાગ છે, જેમાં સ્પેશિયલ ઈન્ટેન્સીવ રીવીઝન (એસઆઈઆર) પ્રક્રિયામાં ગડબડ અને ચૂંટણી કમિશનરો વચ્ચેના મતભેદોનો દાવો કરવામાં આવ્યો હતો. વિપક્ષી દળોનો દાવો છે કે સીઈસી જ્ઞાનેશ કુમાર શાસક પક્ષના ઈશારે કામ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે સીઈસીની મદદથી 'વોટ ચોરી' કરીને દેશને હાઈજેક કરી લીધો છે અને આ દેશદ્રોહ સમાન છે. જોકે ચૂંટણી પંચના સ્રોતો જણાવે છે કે તેમને કોઈપણ રાજકીય પક્ષ તરફથી મુલાકાત માટેની કોઈ સત્તાવાર વિનંતી મળી નથી.

ભાજપે આ મુદ્દે દિવસ દરમિયાન એક પછી એક કુલ 4 પત્રકાર પરિષદો યોજી

ભાજપે આ મુદ્દે દિવસ દરમિયાન એક પછી એક એમ કુલ 4 પત્રકાર પરિષદો યોજી હતી (જેમાંથી એક પ્રેસ કોન્ફરન્સ રાહુલ ગાંધીની અટકાયત થયા બાદ યોજાઈ હતી). ભાજપે દાવો કર્યો હતો કે આ કંગ્રેસ અને તેના સહયોગીઓ દ્વારા અરાજકતા ફેલાવવાનો અને રાહુલ ગાંધીને ફરીથી લોંચ કરવાનો પ્રયાસ છે. શાસક પક્ષે રાહુલ ગાંધીને 'કામચોર' ગણાવતા કહ્યું કે તેમણે બીજા પર 'વોટ ચોર'ના આરોપ લગાવવાને બદલે જમીન પર કામ કરવું જોઈએ. ભાજપના પ્રવક્તાઓએ કહ્યું કે વિપક્ષ રોડ પર નાટક કરી રહ્યો છે અને સુપ્રીમ કોર્ટના સંદર્ભોનો ખોટો ઉપયોગ કરીને ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

દિલ્હી ડાયરી...

વિપક્ષી ગઠબંધનમાં એક નવો પ્રાણ ફૂંકાયો હતો. નિયમિત આઈ.એન.ડી.આઈ.એ. બ્લોક ભાગીદારો ઉપરાંત, મતદાર યાદીમાંથી મોટા પાયે મતદારોને દૂર કરવાના મુદ્દે યોજાયેલી આ કૂચમાં અન્ય કેટલાક રાજકીય પક્ષો પણ આકર્ષાયા હતા. આ ગઠબંધનની બહારના સહભાગીઓમાં મુખ્યત્વે બીજુ જનતા દળ સામેલ હતું, જેણે લગભગ બે દાયકા પછી ઓડિશામાં સત્તા ગુમાવી છે અને મતદાર યાદીઓમાં ગરબડ કરવાનો આરોપ લગાવ્યો છે. બીજી બાજુ, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત તથા ન્યાયાધીશો જયમાલ્ય બાગચી અને વી. મોહનાની બેન્ચે જણાવ્યું હતું કે, સીઈસીને આપવામાં આવેલી સત્તાઓ ગમે તે હોય, પરંતુ કાયદો સ્પષ્ટપણે આદેશ આપે છે કે તમામ નિર્ણયો ચૂંટણી પંચના ત્રણ સભ્યો વચ્ચે કાં તો સર્વાનુમતે અથવા તો બહુમતી દ્વારા લેવા જોઈએ. બેન્ચે કહ્યું કે, "જો અમારી નજરે એવા કિસ્સાઓ આવશે (જ્યાં સીઈસીએ એકપક્ષીય રીતે નિર્ણયો લીધા હોય) તો અમે તેને રદ કરીશું."

135 વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઈબ્રેરીનું સ્થળાંતરણ

કેન્દ્ર સરકાર દ્વારા અનેક મુદ્દાઓ પર મનસ્વી રીતે કામ કરવાના કારણે શાસક પક્ષ એક નવા વિવાદમાં ફસાયો છે. આ વિવાદ 135 વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઈબ્રેરી (સીએસએલ)ના સ્થળાંતરણને લઈને છે. સી.એસ.એલ. હાલમાં શાસ્ત્રી ભવનમાં સ્થિત છે જેને નરેન્દ્ર મોદી સરકારની સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ યોજનાના ભાગરૂપ તોડી પાડવામાં આવનાર છે. આ મામલો પહેલેથી જ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે અને કોર્ટે સુઓમોટો સંજ્ઞાન લઈને આ બાબતે કાર્યવાહી કરી છે. ન્યાયાધીશો સંજય કુમાર અને સંજીવ સચદેવાની બનેલી બેન્ચે કેન્દ્ર સરકારને નોટિસો જારી કરી છે અને લાઈબ્રેરીને સમાવવા માટે ફાળવવામાં આવનાર વિસ્તારની વાસ્તવિક લેઆઉટ યોજનાઓ સાથેની સંપૂર્ણ વિગતો દર્શાવતું સોગંદનામું રજૂ કરવા જણાવ્યું છે. અગાઉ એવા અહેવાલ પ્રાપ્ત થયા હતા કે, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય તથા સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી) દ્વારા 8.5 લાખથી વધુ પુસ્તકો ધરાવતી આ પુસ્તકાલય માટે હજી સુધી જગ્યા શોધવામાં આવી નથી. એક અહેવાલમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે, ગત જાન્યુઆરીમાં એસ્ટેટ ડિરેક્ટોરેટ દ્વારા કર્તવ્ય ભવન-2ની અંદર 300 ચોરસ મીટરના વિસ્તારવાળા બે રૂમ સીએસએલ માટે ફાળવવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક મંત્રાલય, જે સીએસએલનું સંચાલન કરે છે, તેણે આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો.

દિલ્હી પોલીસના ગુના સમીક્ષા પત્રનું નવું નામકરણ

દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારે દળની દર બે સપ્તાહમાં મળતી ગુના સમીક્ષા બેઠકનું નામ બદલીને કાયદો અને વ્યવસ્થાની બેઠક કર્યું છે. તેમણે કાર્યભાર સંભાળ્યા અને તેની કામગીરીની સમીક્ષા કર્યાના મહિનાઓ પછી આ નિર્ણય લીધો છે.

આ ફેરફાર બેઠકના વ્યાપક અવકાશને દર્શાવે છે, જે માત્ર ગુનાના વલણો અને તપાસનું જ મૂલ્યાંકન કરતું નથી, પરંતુ રાષ્ટ્રીય રાજધાનીમાં એકંદરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું પણ મૂલ્યાંકન કરે છે. આ નવા નામે હવે તમામ સત્તાવાર દિલ્હી પોલીસ દસ્તાવેજોમાં અગાઉના શીર્ષકનું સ્થાન લઈ લીધું છે.

રાહુલે સ્ટિંગ પીધી...

બહેનની ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો હતો. યુઝર્સે લખ્યું કે ભાઈ જ્યારે બહેનને આવી કોઈ અજીબ વસ્તુ ટ્રાય કરવાનું કહે ત્યારે બહેનની જે પ્રતિક્રિયા હોય તે જ પ્રિયંકાએ આપી હતી. સ્ટીંગ સામાન્ય રીતે રૂ. 20માં મળે છે, જ્યારે રેડ બુલ રૂ. 165 આસપાસ મળે છે. ભાજપ હંમેશાં રાહુલને સામાન્ય જનતાથી દૂર ધનવાન નેતા તરીકે ચિત્રિત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ મંગળવારે રૂ. 20ની ડ્રિંક પીતા તેમની આ તસવીરો અને વીડિયોથી તેમની 'આમ આદમી' વાળી ઈમેજને ટેકો મળ્યો હતો.

પ્રિયંકા ગાંધી સાથે...

બસોમાં ભરીને લઈ ગઈ હતી. પરંતુ, પોલીસ રાહુલ ગાંધીને પકડીને બસમાં બેસાડે તે પહેલાં જ પોલીસની નજર ચૂકવીને રાહુલ ગાંધીએ બસમાં બેસેલાં પોતાનાં બેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે ઝડપથી કંઈક વાત કરી અને અચાનક આકાશવાણી ભવનના ગેટ નંબર 3 તરફ દોટ મૂકી. દરવાજે સ્ટાફે તેમને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ રિસેપ્શનમાં થઈને સુરક્ષાકર્મીઓ સાથે બળપૂર્વક અંદર ઘૂસી ગયા હતા.

આ નાટક જોઈને આશરે 12.30 વાગ્યે પ્રિયંકા ગાંધી પણ બસમાંથી નીચે ઉતરીને અંદર પહોંચી ગયાં. બંને ભાઈ-બહેન સંકુલમાં ગેટ નંબર 4 પાસે આવેલા એક મોટા ઝાડ નીચે ધરણાં પર બેસી ગયાં. આ અણધાર્યા દ્રશ્યથી આકાશવાણીનો સ્ટાફ અવાક થઈ ગયો હતો. કેટલાંક કર્મચારીઓ તેમની નજીક આવીને ફોટોગ્રાફ્સ અને સેલ્ફી લેવા લાગ્યા હતા. ટૂંક સમયમાં જ કે સી વેણુગોપાલ, પવન ખેડા, દીપેન્દર હૂડા અને ચરણજીત ચન્ની જેવા કોંગ્રેસી નેતાઓ પણ અંદર પહોંચી ગયા. બાદમાં પોલીસ અટકાયતમાંથી છૂટેલા અન્ય સાંસદો પણ પાછા આવીને આ ધરણાંમાં જોડાયા હતા.

ઝાડ નીચે ચટાઈઓ પથરાઈ ગઈ અને બપોરે નેતાઓ માટે નાસ્તાની વ્યવસ્થા થઈ. નીતિ આયોગ બહારની દુકાનમાંથી વેફર્સ-ચિપ્સ, ભુજિયા, ચોકલેટ અને સોફ્ટ ડ્રિંક્સ આવ્યા, પટેલ ચોકથી ડાયેટ કોક અને 'ખાન ચાચા' ઈટરીમાંથી પ્રખ્યાત રોલ્સ મગાવવામાં આવ્યા. સાંજે મચ્છરોથી બચવા માટે ક્રીમના ટ્યુબ પણ લાવવામાં આવ્યા હતા. રાહુલે સંકુલની ગ્રીલમાંથી પત્રકારોને કહ્યું, 'હું લોકશાહી બચાવવા અહીં ઊભો છું, ભાજપ શું કહે છે તેની મને પરવા નથી. જ્યાં સુધી ચૂંટણી કમિશનર સાથે બેઠક ન નક્કી થાય ત્યાં સુધી હું અહીંથી નહીં હટું.' આખરે રાત્રે 8.10 વાગ્યે પોલીસે રાહુલ ગાંધીની અટકાયત કરીને આકાશવાણી ભવન ખાલી કરાવ્યું હતું. આશરે બે કલાક સુધી અટકાયતમાં રાખ્યા બાદ રાત્રે 10 વાગ્યા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. કિંગ્સવે કેમ્પ પોલીસ સ્ટેશન લઈ જવાયા બાદ રાહુલે સોશિયલ મીડિયા પર લખ્યું, 'લોકશાહીના ગદ્દારોને બચાવવા માટે લોકશાહીના અવશેષોને ઢસડવામાં આવ્યા છે. તેનો હિસાબ થશે. એક પણ ગદ્દારને છોડવામાં આવશે નહીં.

ઉત્તરાખંડમાં...

બંસલે 'એક્સ' પર લખ્યું, " દિલ્હીના સફદરજંગ એન્ક્લેવમાં મેં મારા આખા સોફાને, આખી ઈમારતને હલતી જોઈ! આવું ક્યારેય અનુભવ્યું નથી!" લોકોએ ભૂકંપની પ્રવૃત્તિ બાદ રહેવાસીઓ પોતાના એપાર્ટમેન્ટમાંથી દોડીને બહાર ખુલ્લા વિસ્તારોમાં એકઠા થઈ રહ્યા હોવાનાં દૃશ્યો પણ શેર કર્યા હતા.

ભારતીય પાયલટ...

દ્વારા સંપૂર્ણ અને ઝડપી તપાસની તેમ જ સંયુક્ત રાજ્ય અમેરિકા અને ઈઝરાયેલને સંપૂર્ણ માહિતી આપતી રાખવાની માંગ પણ કરવામાં આવી છે. કેપ્ટન મચ્છારે કો-પાઈલટ દ્વારા ઈઝરાયેલ જતી ફ્લાઈટને ક્રેશ કરવાના કથિત પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

વોલ સ્ટ્રીટ જર્નલ અને સીએનએન સહિતના અનેક સમાચાર માધ્યમો દ્વારા પ્રકાશિત અહેવાલો અનુસાર, હમામ અલ-હમ્મામી નામના ઓમાની નાગરિકની ફ્લાયદુબઈના કો-પાઈલટ તરીકે ઓળખ થઈ છે, જેણે મચ્છાર પર હુમલો કર્યો હતો અને કથિત રીતે ફ્લાઈટનો કબજો લેવાનો પ્રયાસ કર્યો હતો.



ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...
DRISHYAM THE CONCLUSION
દ્રશ્યમ-3
અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
(હિન્દી) સુપરહીટ ચિત્ર
ધ પેરેડાઈઝ
નાની જડાલ, રાઘવ, કીયાડુ લોહર
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

જાહેર નિવિદા નં.૨૩ સને ૨૦૨૬-૨૭

ગુજરાત સરકારના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી ઉકાઇ વિભાગ નં.૧ બીજો માળ તાપી જલ ભવન ઉકાઇ તા.ઉકાઇ જિ.તાપી. પીન કોડ નં.૩૯૪૬૮૦ ફોન નં.૦૨૬૨૪-૨૩૩૨૨૧ દ્વારા કુલ ૧ (એક) કામ માટે જેની અંદાજીત રકમ રૂા.૧૪૫.૫૪ લાખ છે. ગુજરાત સરકારના ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ / માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી ઓન લાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેના ટેન્ડરો www.tender.nprocure.com ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓન લાઇન ભરવાના રહેશે. પ્રસ્તુત ટેન્ડર વેબ સાઇટ ઉપરથી ઓનલાઇન તા.૦૭-૧૦-૨૦૨૬ થી તા.૨૧-૧૦-૨૦૨૬ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓન લાઇન ભરવાના રહેશે. તેમજ ઉક્ત કામના ટેન્ડરના પ્રાઇઝ બીડ તા.૨૨-૧૦-૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાકે ઓન લાઇન ખોલવામાં આવશે.

૧. સદર કામ અંગે વધુ વિગતો ઉપરોક્ત વેબ સાઇટવેબ પર અથવા કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઇ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઇ તા.ઉકાઇ જી.તાપી.-૩૯૪૬૮૦ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
૨. નોંધઃ- સદર કામની નિવિદા અંગે સુધારા/વધારા ફક્ત ઉક્ત ઓનલાઇન વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

ક્રમાંકઃ માહિતી-સૂરત/૭૧૪/૨૦૨૬

જાહેર નિવિદા નં.- ૧૩ સને ૨૦૨૬-૨૭
વિદ્યુત, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય
(ફક્ત વિદ્યુત ઈજારદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી વિદ્યુત (મા અને મ) વિભાગ, છઠ્ઠો માળ, માર્ગ અને મકાન ભવન, નાનપુરા સુરત ફોનનં- ૨૪૬૫૮૬૮ દ્વારા અત્રેના વિભાગ હસ્તકના વિજળીકરણનું ૧ કામ જેની અંદાજીત રકમ રૂ. ૧૬.૪૦ લાખ છે કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસે થી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે ઓનલાઈન ભાવ ભરી મોકલવાની છેવટની તારીખ ૨૧/૧૦/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક તથા મળેલ ઓનલાઈન ભાવો ઓપન કરવાની તારીખ ૨૧/૧૦/૨૦૨૬ સમય ૧૨.૩૦ કલાક રાખવામાં આવેલ છે.

ટેન્ડરો વેબ સાઈટ https://tender.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે દસ્તાવેજો ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી ઓન લાઈન મુકવાના રહેશે. રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર વિગતવાર જોવા મળી શકશે. વધુ માહિતી માટે કામ કાજ ના દિવસો દરમ્યાન અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

ક્રમાંક . માહિતી-સૂરત/ ૭૦૯ /૨૦૨૬

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય
દ્રશ્યમ-3
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦,
૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦,
૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૭.૪૫,
રાત્રે :- ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 99984 46007
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com Paytm
ક્રાઈમ, સસ્પેન્સ રહસ્ય

દ્રશ્યમ- 3
૮.૫૦,૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૪૫, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૨૦, રાત્રે : ૮.૨૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦
ગુજરાતી હીટ ફિલ્મ

મિત્રતા
૨.૪૦, ૪.૦૦, ૭.૨૦, રાત્રેઃ ૮.૧૦, ૯.૦૦
ધ પેરેડાઈઝ
૧૨.૪૫, ૪.૧૫, ૭.૨૦
ચટણી
ગુજરાતી : ૫.૧૦
સુપરહીટ ફિલ્મ (હિન્દી)
હનુમાન અંશ
૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૬.૧૫, રાત્રે : ૯.૩૦
હોરર... હિન્દી હીટ ફિલ્મ
ધ વ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૯.૩૦, ૧૨.૦૦, ૧.૩૫, ૪.૫૦, રાત્રે : ૧૦.૨૫, ૧૧.૧૦
AVENGERS
(હિન્દી) ૧૨.૦૦
પ્રેમ કિતાનુ
(હિન્દી) સવારે : ૯.૩૦

ભરૂચ નગરપાલિકા, ભરૂચ
જાહેર નિવિદા ઇ-ટેન્ડર ૨૦૨૬-૨૭

ભરૂચ નગરપાલિકા, ભરૂચ દ્વારા સેનેટરી શાખાની સેનીટેશન કામગીરી માટે નગરપાલિકાની માલિકીનું રોડ સ્વીપર મશીન તથા ભાડાના રોડ સ્વીપર થી ચલાવવાની TENDER FOR COMPREHENSIVE OPERATION AND MAINTAINENCE for 1 Year CONTRACT ના કામે વાર્ષિક ભાવથી કરાવવાની થાય છે. આ કામગીરી કરાવવા ઇ- ટેંડરીંગ પદ્ધતિથી (ઓનલાઈન) ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડર www.tender.nprocure.com અને www.statetendars.gujarat.gov.in ઉપર જોવા મળશે અને ટેન્ડર વેબસાઇટ પર ઓનલાઈન ભરવાના રહેશે. ટેન્ડરો રૂબરૂ સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાની તમામ સત્તા ભરૂચ નાગરપાલિકાની રહેશે. ટેન્ડર સાથે અર્નેસ્ટમનીના ડિમાન્ડ ડ્રાફ્ટ, એફ.ડી.બેન્કર્સ ચેક સાથે આર.પી.એડ.ડી / સ્પીડ પોસ્ટથી બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ, એફ.ડી., બેન્કર્સ ચેક વગરના તેમજ શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં. જેની વાર્ષિક અંદાજીત રકમ રૂ|.1,00,00,000/- જેની વિસ્તૃત ટેન્ડર નોટીસ ડોક્યુમેન્ટ ઉપર જણાવેલ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

કામનું વર્ણન
"સેનીટેશન કામગીરી માટે નગરપાલિકાની માલિકીનું રોડ સ્વીપર મશીન તથા ભાડાના રોડ સ્વીપર થી ચલાવવાની 84 TENDER FOR COMPREHENSIVE OPERATION AND MAINTAINENCE for 1 Year CONTRACT ના કામે"

નોંધ : GST અને EPF નંબર અચૂક રજૂ કરવાના રહેશે.
૧) ટેન્ડર ડાઉનલોડ ની તારીખ ૧૨/ ૧૦ /૨૦૨૬ થી તા ૧૬/૧૦/૨૦૨૬ સુધી.
૨) અત્રેની કચેરીએ ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ડોકયુમેન્ટ સ્વીકારવાની તા.૨૨/૧૦/૨૦૨૬
૩) ટેકનીકલ બીડ ખોલવાની તા.૨૭/૧૦/૨૦૨૬.

હરીશ અગ્રવાલ, મુખ્ય અધિકારી — જીગ્નીષાબેન પી પટેલ, ચેરમેન (સેનેટરી કમિટી) — પ્રગ્નેશ પટેલ, ચેરમેન (કારોબારી કમિટી)
રચિતાબેન મોદી, ઉપપ્રમુખ — દેવેન્દ્રસિંહ વસાવા, પ્રમુખ
ભરૂચ નગરપાલિકા, ભરૂચ

માહિતી/ભરૂચ/૩૬૨/૨૦૨૬

વાપી મહાનગરપાલિકા

પાણી પુરવઠા અને સીવરેજ શાખા
વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી - ૩૯૬૧૯૧, તા. વાપી, જિ. વલસાડ ટેલિફોન નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮

ટૂંકી મુદતની જાહેરાત
REQUEST FOR PROPOSAL

વાપી મહાનગરપાલિકા તરફથી યોગ્ય લાયકાત ધરાવતા, અનુભવી, કામ કરવાની ઇચ્છા ધરાવતા તથા અનુભવી ઇજારદારો પાસેથી નીચે દર્શાવેલ કામ માટે સાત દિવસની ટૂંકી મુદતે સીલબંધ કવરમાં દરખાસ્ત સાથે ભાવપત્રક (ક્વોટેશન) મંગાવવામાં આવે છે.

ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકાની પાણી પુરવઠા અને સીવરેજ શાખામાં કચેરી સમય દરમિયાન જોવા મળશે. નીચે મુજબના કામ માટે ભાવપત્રક અલગથી સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે. કવર ઉપર કામનું નામ તથા "પાણી પુરવઠા અને સીવરેજ શાખા"નું નામ અવશ્ય લખવાનું રહેશે.

સીલબંધ કવરમાં ભાવપત્રક ઉપરોક્ત સરનામે નિર્ધારિત તારીખ અને સમય સુધીમાં પહોંચતું કરવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ન ખોલવા તથા મંજૂર કરવા કે નામંજૂર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

કામ નો વ્યાપ (Scope of Work)

વાપી મહાનગરપાલિકામાં વિવિધ સ્થળોએ આવેલી જર્જરિત ઊંચી પાણીની ટાંકીઓ (ESR) તથા ભૂગર્ભ ટાંકીઓ (UG SUMP)નું મજૂરોના વીમા સાથે તમામ જરૂરી સાધનો સહિત, સ્થળની પરિસ્થિતિ મુજબ મેન્યુઅલી તથા યાંત્રિક (મિકેનિકલી) પદ્ધતિથી, જાનમાલને જોખમ ન થાય તેવી સલામતી સાથે ડિમોલિશન કરી, કાટમાળનો નિકાલ કરી ને સ્થળની સફાઈ કરવાનું કામ.

અ. નં.	કામનું નામ	લાયકાત	ક્વોટેશન સ્વીકારવાની છેલ્લી તારીખ	ડિપોઝિટ
૧	છરવાડા (કલીયાલાલા) ટાંકી અને સમ્પને તેમજ છરવાડા (રમઝાનવાડી) ટાંકી અને સમ્પને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૨	છરવાડા (પટેલ ફળિયા)ના ટાંકી અને સમ્પ તેમજ છરવાડા (સડક ફળિયા) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૩	બલીઠા (ત્રિવેણી સોસાયટી) ટાંકી અને સમ્પને તેમજ બલીઠા (છાણીયા ફળિયા) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૪	સલવાવ (તળાવ પાસે) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૫	વાપી ટાઉન (કુમારશાળા) ટાંકી અને વાપી ટાઉન (બાવનનગરી) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૬	ચંડોર (કાસલ ફળિયા)ના સમ્પ તેમજ ચંડોર (કાંકરી શેરી)ની ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૭	મોરાઈ (ગ્રામ પંચાયત)ની ટાંકી અને મોરાઈ (નવીનગરી)ની ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૮	વટાર (ટેકરી ફળિયા)ની ટાંકી અને વટાર (જેસિંગ ફળિયા) સ્ટ્રકચરને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૯	વટાર (ડુંગરી ફળિયા)ની ટાંકી અને વટાર (ગ્રામપંચાયત) ની ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૧૦	કુંતા (વડોલી સ્કુલ ફળિયા) ટાંકી અને કુંતા (બાવરી ફળિયા) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૧૧	કુંતા (તરક-પારડી ફળિયા) ટાંકી અને કુંતા (રામમંદિર ફળિયા) ટાંકીને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૧૦,૦૦૦/-
૧૨	છીરી (કૃષ્ણનગર)ના ટાંકી અને સમ્પ તેમજ છીરી (માહ્યાવંશી ફળિયા)ના ટાંકી અને સમ્પને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૨૦,૦૦૦/-
૧૩	ચણોદ (ભુલાનગર)ના ટાંકી અને સમ્પ તેમજ ડુંગરા (ઘાચિયું તળાવ)ના ટાંકી અને સમ્પને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૨૦,૦૦૦/-
૧૪	ડુંગરા (હરિયા પાર્ક)ના ટાંકી અને સમ્પ તેમજ ડુંગરા (ડુંગરી ફળિયા / કોલીવાડ ફળિયું)ના ટાંકી અને સમ્પને તોડી કાટમાળનો નિકાલ અને સ્થળની સફાઈ કરવાનું કામગીરી માટે ઓફર આપવા બાબત.	અનુભવી ઇજારદારો	૧૨/૧૦/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી	૨૦,૦૦૦/-

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૪૪૮/૨૦૨૬

બદરીનાથ ધામમાં ઘોંઘાટિયા મ્યુઝિક કોન્સર્ટના આયોજન સામે વ્યાપક વિરોધ

ટુધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

આપણા ધાર્મિક કાર્યક્રમો ઘોંઘાટિયા અને પ્રદૂષિત થઈ ગયા છે. આપણે ત્યાં ગણપતિવિસર્જન વખતે કાન ફાડી નાંખે તેવું ડીજે સાંભળવા મળે છે અને નવરાત્રિમાં માતાજીના ગરબાને નામે હિન્દી ફિલ્મોનાં ગીતો સાંભળવા મળે છે. આપણાં તીર્થસ્થળો ટુરિસ્ટ કેન્દ્રો બની ગયાં છે, જેમાં દારૂથી માંડી માંસાહાર જેવાં દૂષણો જોવા મળે છે પણ કોઈને ફરક પડતો નથી. તાજેતરમાં પવિત્ર બદરીનાથ ધામમાં સંગીતનો કોન્સર્ટ યોજવામાં આવ્યો હતો, જેમાં ભક્તિ સંગીતને બદલે ફિલ્મી ગીતો વગાડવામાં આવ્યાં હતાં અને ફિલ્મી કલાકારો દ્વારા કામોત્તેજક ડાન્સ પણ કરવામાં આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીએ આ પ્રકારના મ્યુઝિક કોન્સર્ટનો વિરોધ કર્યો તે પછી ઉત્તરાખંડની ભાજપ સરકાર આ વિવાદથી પોતાને અલગ કરવા પ્રયત્ન કરી રહી છે.

બદરીનાથ ધામ ખાતે ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા દેવભૂમિ સાંસ્કૃતિક મહોત્સવ-૨૦૨૬ના કેટલાક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા તે પછી મંદિરની બાજુના વિસ્તારમાં મોટા અવાજે સંગીત અને ડીજે સાથે આવા કાર્યક્રમનું આયોજન કેમ કરવામાં આવ્યું તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. અગાઉ એવું કહેવામાં આવ્યું હતું કે આ કાર્યક્રમ ચમોલી જિલ્લા વહીવટીતંત્ર અને ભારતીય સેના દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવ્યો હતો. ઉત્તરાખંડના મુખ્ય મંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, પરંતુ વિવાદ પેદા થયા બાદ ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરવ કુમારે જણાવ્યું હતું કે સાંસ્કૃતિક કાર્યક્રમોની પસંદગીમાં વહીવટીતંત્રની કોઈ ભૂમિકા નથી અને તેમની પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી. આ કાર્યક્રમમાં શાળાનાં બાળકો, યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ, સ્થાનિક કલાકારો અને સેના સંબંધિત કાર્યક્રમો તેમજ રાજ્યની મશહૂર ગાયિકા પ્રિયંકા મેહરનું અશ્લીલ ચેનચાળાયુક્ત નૃત્ય પણ સામેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન કોઈ મોટાં વિરોધ-પ્રદર્શનો થયાં ન હતાં. આ કાર્યક્રમના વીડિયો પાછળથી સોશ્યલ મીડિયા પર ફરવા લાગ્યા હતા. તેમાં મોટા અવાજે સાઉન્ડ સિસ્ટમ, ડીજે અને નૃત્યનાં માદક દૃશ્યો સામેલ હતાં. આ પછી, પ્રશ્નો ઊભા થવા લાગ્યા કે બદરીનાથ જેવા ધાર્મિક અને આધ્યાત્મિક સ્થળની આટલી નજીક આવા કાર્યક્રમનું સ્વરૂપ શું હોવું જોઈએ?

ભાજપના માર્ગદર્શક મંડળમાં રહેલા વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી મનોહર જોશીએ સોશ્યલ મીડિયા પર આ કાર્યક્રમ સામે વાંધો વ્યક્ત કર્યો ત્યારે આ વિવાદ વધુ ચર્ચામાં આવ્યો હતો. તેમણે ૨૫ સપ્ટેમ્બરના રોજ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે બદરીનાથ ધામમાં સંગીત કાર્યક્રમની મંજૂરી આપવી એ માત્ર સાંસ્કૃતિક ધોરણોનું ઉલ્લંઘન નથી પણ ધામની પવિત્રતા પર સીધો હુમલો પણ છે. આદિ ગુરુ શંકરાચાર્યે હિમાલયના શાંતિપૂર્ણ વાતાવરણમાં ભગવાનની પૂજા અને ધ્યાન માટે બદરીનાથ ધામની સ્થાપના કરી હતી. જ્યાં પરંપરાગત રીતે શંખ વગાડવા પર પણ પ્રતિબંધ છે, ત્યાં ઘોંઘાટિયા સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવું એ ભારતીય આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય મૂલ્યોની વિરુદ્ધ છે. આ પરિસ્થિતિ દેવભૂમિ ઉત્તરાખંડને ધીમે ધીમે બજારની સંસ્કૃતિ તરફ ધકેલવાનું પ્રતીક છે. તેમણે ભારતીય સંસ્કૃતિના અનુયાયીઓ, શંકરાચાર્યો અને સંતોને આ મુદ્દા પર અસરકારક અવાજ ઉઠાવવા અપીલ કરી. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આવા કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકીને દેવભૂમિની ગરિમા અને આધ્યાત્મિક સ્વભાવ જાળવવા વિનંતી પણ કરી હતી. મુરલી મનોહર જોશીના આ નિવેદન પછી પૂજારીઓ, સંતો અને વિપક્ષો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

ઉત્તરાખંડ ચાર ધામ તીર્થ પુરોહિત મહાપંચાયતના મહામંત્રી ડૉ. બ્રિજેશ સતીએ કહ્યું કે સંગીતના કાર્યક્રમના ઉદ્દેશ સામે અમને કોઈ વાંધો નથી, પરંતુ તેના સ્વરૂપ અને પ્રસ્તુતિ પર અમને પ્રશ્નો છે. બદરીનાથ ધામની ધાર્મિક, આધ્યાત્મિક અને પૌરાણિક માન્યતાઓને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો યોજવા જોઈએ. જ્યારે જિલ્લા વહીવટીતંત્રે ૯ સપ્ટેમ્બરે કાર્યક્રમ અંગે બેઠક માટે આદેશ જારી કર્યો હતો અને ૧૧ સપ્ટેમ્બરે સમીક્ષા બેઠક યોજાઈ હતી, ત્યારે એ સ્પષ્ટ થવું જોઈએ કે કાર્યક્રમની રૂપરેખા કોણે તૈયાર કરી હતી અને તેનું આયોજન કોણ કર્યું હતું? તેમણે ૧૬ એપ્રિલે કપાટ ખૂલતાં પહેલાં બદરીનાથમાં યોજાયેલા અન્ય એક સાંસ્કૃતિક કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો છે અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિને રોકવા માટે સ્પષ્ટ નીતિની માંગ કરી છે.

જ્યોતિર્મઠ સાથે સંકળાયેલા અને અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી મુકુન્દાનંદ ગિરિ પણ કાર્યક્રમના ફોર્મેટ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના વિડીયો નિવેદનમાં તેમણે કહ્યું છે કે સ્થાનિક સંસ્કૃતિ, ખોરાક, પોશાક અને લશ્કરી વીરતાનું પ્રદર્શન પોતાની જગ્યાએ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ મોટા ડીજે અને લાઉડસ્પીકર સાથે નૃત્ય જેવા કાર્યક્રમો બદરીનાથની ધાર્મિક પરંપરા અને ગરિમાને અનુરૂપ નથી. લોકો શાંતિ, ધ્યાન અને આધ્યાત્મિક અનુભવ માટે હિમાલય આવે છે અને સરકારે તીર્થ વિસ્તારોમાં આવા કાર્યક્રમો માટે સ્પષ્ટ વ્યવસ્થા કરવી જોઈએ. ઉત્તરાખંડ રાજ્યના ધાર્મિક બાબતો અને પર્યટન મંત્રી સતપાલ મહારાજ કહે છે કે બદરીનાથ મંદિરની પૂજા પરંપરામાં શંખના ઉપયોગ સાથે સંકળાયેલી ધાર્મિક માન્યતાને ધામમાં સંગીત પર સંપૂર્ણ પ્રતિબંધ તરીકે જોઈ શકાય નહીં. ઉત્તરાખંડના કેબિનેટ મંત્રી સતપાલ મહારાજના નિવેદન કે બદરીનાથ મંદિરમાં શંખ વગાડવામાં આવતો નથી કારણ કે તે હાડકાથી બનેલું છે, તેના કારણે એક નવો વિવાદ શરૂ થયો છે. સતપાલ મહારાજ મંદિરમાં શંખ વગાડવાની મનાઈ હોવા છતાં, મંદિરમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમની ટીકાનો જવાબ આપી રહ્યા હતા.

સતપાલ મહારાજે કહ્યું કે બદરીનાથ ધામમાં સંગીત, નૃત્ય કે સાંસ્કૃતિક કાર્યક્રમો પર કોઈ પ્રતિબંધ નથી અને તેનાથી વિપરીત અહેવાલોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું કે મંદિરની અંદર શંખ વગાડવામાં આવતો નથી, પરંતુ પરિસરની બહાર આવું કરવા પર કોઈ પ્રતિબંધ નથી. શંખ મંદિરની અંદર ફૂંકવામાં આવતો ન હતો કારણ કે તે હાડકાનો બનેલો હતો. તેમની ટિપ્પણીનો ઉત્તરાખંડ કોંગ્રેસ તરફથી તીવ્ર પ્રતિભાવ મળ્યો હતો, જેમાં કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડ કોંગ્રેસના ઉપપ્રમુખ સૂર્યકાંત ધસ્માનાએ કહ્યું કે સતપાલ મહારાજનું સ્પષ્ટીકરણ વિજ્ઞાન અને સનાતન પરંપરાઓ બંનેની સમજણનો અભાવ દર્શાવે છે.

બદરીનાથ ધામમાં આયોજિત કાર્યક્રમમાં ઉત્તરાખંડની લોક ગાયિકા પ્રિયંકા મહેરે પણ પર્ફોર્મ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન લોકોના નાચવાના વીડિયો સામે આવ્યા હતા. આ પછી સોશ્યલ મીડિયા પર આ અંગે ચર્ચા તેજ બની છે. કાર્યક્રમનો વિરોધ કરનારાઓનું કહેવું છે કે બદરીનાથ ધામ માત્ર એક પર્યટન સ્થળ નથી, પરંતુ કરોડો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. દેશના વિવિધ ભાગોમાંથી લોકો ભગવાન બદરી વિશાલનાં દર્શન કરવા માટે ધામ પહોંચે છે. મંદિરના સંતો અને પુજારીઓએ ધાર્મિક પરંપરાઓ અને શિષ્ટાચારનો હવાલો આપીને આવા કાર્યક્રમના ફોર્મેટ સામે વાંધો ઉઠાવ્યો છે. ઉત્તરાખંડ ચાર ધામ તીર્થ પુરોહિત મહાપંચાયતના મહામંત્રી ડૉ. બ્રિજેશ સતીએ પણ આ કાર્યક્રમ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. બદરીનાથ ધામમાં ધાર્મિક પરંપરાઓનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ત્યાં શંખનો અવાજ પ્રતિબંધિત છે. તેમણે એક સંતની ફરિયાદ બાદ લાઉડસ્પીકર પર ભજન વગાડવા પર હાઇકોર્ટ દ્વારા અગાઉ લગાવવામાં આવેલા પ્રતિબંધનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે હાલમાં ચાલી રહેલા ડીજે કોન્સર્ટ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. બદરીનાથમાં આ વિવાદ હજુ સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યો નથી. એક પક્ષ આને મંદિરની ધાર્મિક અને પૌરાણિક પવિત્રતા સાથે જોડાયેલ માને છે. બીજો પક્ષ દલીલ કરે છે કે બદરીનાથની પરંપરા સંગીત અને સાંસ્કૃતિક પ્રદર્શનને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરતી નથી. એક સ્થાનિક પત્રકારના જણાવ્યા મુજબ કાર્યક્રમ દરમિયાન કોઈ વિરોધ થયો ન હતો અને સોશ્યલ મીડિયા પર વીડિયો આવ્યા પછી વિવાદ શરૂ થયો હતો. વહીવટીતંત્રનો દાવો છે કે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન સેના દ્વારા કરવામાં આવ્યું હતું અને કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી. જો કે એટલું નક્કી છે કે બદરીનાથ ધામમાં હવે પછી કોઈ ઘોંઘાટિયા મ્યુઝિક કોન્સર્ટ યોજાશે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ કાર્યક્રમમાં શાળાનાં બાળકો, સ્થાનિક કલાકારો અને સેના સંબંધિત કાર્યક્રમો તેમજ રાજ્યની મશહૂર ગાયિકા પ્રિયંકા મેહરનું અશ્લીલ ચેનચાળાયુક્ત નૃત્ય પણ સામેલ હતું

ધરમપુર નગરપાલિકા ધરમપુર તરફથી
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૨૩/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ ધરમપુર નગરપાલિકા હદમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામોના ઓન લાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મગાવવામાં આવે છે. ઈટેન્ડરની વિગત અત્રેની કચેરીએ તથા વેબ સાઈટ (https://www.nprocure.com) પરથી તા.૦૭/૧૦/૨૦૨૬ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓન લાઈન ભરવાની છેલ્લી તા.૧૭/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૬ : ૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એ.ડી./કુરીઅર થી મોકલવાની છેલ્લી તા.૨૪/૧૦/૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવીત તા.૨૬/૧૦/૨૦૨૬ નાં રોજ રહેશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે. જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહી. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

ક્રમ	યોજના	કામગીરી	ટેન્ડરની અંદાજીત રકમ રૂા	કોન્ટ્રાકટર શ્રેણી	કામ ની સમય મર્યાદા	ટેન્ડર ફી અને EMD ની રકમ રૂા
૧	૧૫માં નાણાપંચ યોજના વર્ષ : ૨૦૨૫ - ૨૦૨૬ અનટાઈડ ગ્રાન્ટ	કુરગામ નદી પાસે ઈન્ટેકવેલનો પંપરૂમ અને ઈન્ટેકવેલની ગ્રીલ બનાવવાનું કામ.	૩૮,૭૨,૪૧૫/-	E-1	૩ માસ	૨૫૦૦/- અને ૩૮,૭૨૪/-
૨	૧૫માં નાણાપંચ યોજના વર્ષ : ૨૦૨૫ - ૨૦૨૬ અનટાઈડ ગ્રાન્ટ	ધરમપુર નગરપાલિકા કોઠી ફળીયા વિસ્તારમાં આંગણવાડી બનાવવાનું કામ	૧૪,૮૦,૦૭૪/-	E-2	૩ માસ	૧૫૦૦/- અને ૧૪,૮૦૧/-
૩	૧૫માં નાણાપંચ યોજના વર્ષ : ૨૦૨૫ - ૨૦૨૬ અનટાઈડ ગ્રાન્ટ	ધરમપુર નગરપાલિકા ના ગૌરવપથ રોડ ત્રણ દરવાજાથી ગાર્ડનરોડ થઈ શિરીષ ચોક સુધી ગ્રીલ બનાવવાનું કામ.	૨૪,૪૪,૮૦૪/-	E-1	૩ માસ	૧૫૦૦/- અને ૨૪,૪૪૮/-
૪	૧૫માં નાણાપંચ યોજના વર્ષ : ૨૦૨૫ - ૨૦૨૬ અનટાઈડ ગ્રાન્ટ	ધરમપુરના વિવિધ વિસ્તારમાં પેવર બ્લોકનું રિ - ફિટીંગ અને જરૂરીયાત મુજબના નવા પેવર બ્લોક લગાવવાનું કામ. (૧ થી ૬)	૧,૦૯,૯૮,૩૮૩/-	D	૬ માસ	૧૫,૦૦૦/- અને ૧૦૯૯૮૪/-

ચીફ ઓફિસર, ધરમપુર નગરપાલિકા — નં. માહિતી/વલસાડ/૪૫૪/૨૦૨૬ — પ્રમુખ, ધરમપુર નગરપાલિકા